સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૫૫

કૉંગી અને ભાજપ, જનતાને બંનેને સાંખ્યા છે,
પૂરો થયા કાળ હવે કરમ બંનેનાં પાક્યાં છે
થાક્યાં છે બંનેથી લોકો અજમાવી-અજમાવી ને -
'આમ આદમી' તરફ નજર-નિશાન તાક્યાં છે..

હાઈકુ

મફત આપી,
હવે એ બતાવશે -
'આપ'નું પાણી

માંડી છે મીટ
છોડી છાપેલ કાંટા
'આપ' તરફ..

(પ્રજાનો નવો આશાવાદ)

ચિંતન

तावद् भयेषु भेतव्यं यावद्दयमानागतम् ।
आगतं तु भयं दृष्ट्वा प्रहर्तव्यमकातया ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

'સંકટ તો પ્રત્યેક વ્યક્તિ પર આવે છે, પરંતુ બુદ્ધિમાન વ્યક્તિ સંકટ અને આપત્તિથી ત્યાં સુધી જ ડરે છે કે જ્યાં સુધી સાવ માથાં પર આવી નથી પડતી-જ્યારે સંકટ અને દુઃખ આવી જ પડે ત્યારે આવા બુદ્ધિમાન પુરૂષો પોતાની ધીરજ-હિંમત અને શક્તિ દ્વારા તેની સામે લડીને તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.'

નાની-મોટી તકલીફ-મુશ્કેલીઓ વિઘ્નો-આપત્તિઓ સૌને આવે છે એની સામે કેવું વર્તન કરવું-એ સમયે તમારો સ્વભાવ-ધીરજ આચરણ કેવાં છે એના પરથી જ તમારા સંસ્કાર અને બુદ્ધિની પરખ થાય છે.

સંકટ-આવવાની સંભાવના-અનુમાનથી જ કેટલાંક લોકો ઢીલાં-ઢફ થઇ નરવશ થઇ જાય, બીપી વધી જાય, પોતે તો રેબઝેબ થાય જ પોતાની આસપાસનાં જનોને પણ ઉપાધિમાં નાખી દે છે, એમને આવનાર આપત્તિની સ્મૃતિથી જ ડર લાગે છે.

જ્યારે ધીરજવાન-બુદ્ધિમાન લોકો જ્યાં સુધી ઉપાધિ માથાં પર આવીને ન પડે ત્યાં સુધી નિશ્ચિંત થઇ નિર્ભય રહેતા હોય છે. અને આવી પડે પછી પણ તેના હિંમત અને ધીરજપૂર્વક ડર્યા-ગભરાયા વિના તેનો સામનો કરે છે.

સુવિચાર

- મનને બહેકાવે તે જ્ઞાન નથી, જે મનને શાંતિ અને સ્થિરતા બક્ષે તે જ જ્ઞાન છે — **- જ્ઞાનસૂત્ર**
- લાગણીની પરવશતા એ સ્નેહનો પુરાવો છે — **- એસ.મહાવાર્ષ**
- આયુષ્ય, સંપત્તિ, ઘરનું છિદ્ર, દાન, માન, અપમાન ગુપ્ત રાખવા. જાહેર કરવા નહીં — **- માનસસૂત્ર**
- નિખાલસ, સરળ અને ઉદાર મનવાળા માણસો જુદા જુદા ધર્મોમાં પણ સત્ય જુએ છે — **- જનકલ્યામ**
- પથ્થરપણું વચમાં લાવ્યા વગર મૂર્તિને પ્રમાણ કરીએ એ સાચા દર્શન કર્યા કહેવાય — **- સંતરામ**
- કામના દબાણને લોહીના દબાણ સાથે જબરી દોસ્તી છે — **- મુનિ ભાવયંત્ર વિજયજી**
- આત્મ જાગૃતિનો વિચાર માણસને ઇશ્વરાભિમુખ બનાવે છે — **- ડો. ચંદ્રકાન્ત મહેતા**

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

માતા-પિતા, શિક્ષકો, બોસના હકારાત્મક કે નકારાત્મક સૂચન-આજ્ઞા-આદેશ પણ બાળક વિદ્યાર્થી કે કર્મચારી પર અસર કરે છે કેટલીક 'માં' બાળકને બુદ્ધિ વગરનો, નકામો, ઠોઠ અને ખરાબ મિત્રોની સોબતવાળો વારંવાર કહ્યા કરે છે આથી બાળક પર 'એવી' જ નકારાત્મક અસર થાય છે. બધાને પ્રેમ-પ્રેરણા-પ્રોત્સાહનની જરૂર હોય છે.

હાવર્ડ યુનિવર્સિટીના મનોવૈજ્ઞાનિક સંશોધકોએ એક જ વર્ગના ૩૦ વિદ્યાર્થીઓના ૧૫-૧૫ના બે વર્ગ બનાવ્યા.

એક વર્ગના શિક્ષકો વિદ્યાર્થીઓને ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રેમ-પ્રેરણા પ્રોત્સાહન સાથે તમે હોંશિયાર-બુદ્ધિમાન છો કહી ભણાવતા હતા.

બીજા વર્ગના શિક્ષકો સૂચનો પ્રમાણે ઠોઠ વિદ્યાર્થીઓનો વર્ગ, મંદબુદ્ધિ, તોફાનીઓ જેવા વિરૂદ્ધ આપી, તમને 'આ નહીં સમજાય', 'અઘરૂં પડશે' કહી ઉતારી પાડતા હતા.

સમયે બંને જૂથને એકત્ર કરી પરીક્ષા લેવામાં આવી. એક જ જાતનો, સરખા સમયનો અભ્યાસક્રમ હોવા છતાં પહેલાં જૂથના પંદર વિદ્યાર્થીઓનો દેખાવ ખૂબ જ સારો હતો. પરિણામ ઊંચું હતું.

જ્યારે બીજા જૂથનું પરિણામ ધાર્યા પ્રમાણે જ નબળું હતું, અને આનું એક માત્ર કારણ પ્રેમ-પ્રેરણા-પ્રોત્સાહન જ હતા..

Email - sureshchandrabhatt18@gmail.com

વિદ્યાર્થીઓના શરીરમાં શક્તિ, હૃદયમાં ભક્તિ, મનમાં કરૂણા, વૃત્તિમાં વિજય અને સ્વભાવમાં અનુશાસન જન્મે તો બેડો પાર થઇ જાય!

સર્વાંગીણ શિક્ષણનો મંત્ર
તન-દુરસ્ત, મન સ્વસ્થ

- હર્ષદ પ્ર. શાહ

શિક્ષણ-એક અદ્‌ભૂત પ્રક્રિયા છે. જેની પ્રક્રિયા તેવું પરિણામ. શિક્ષણના તત્ત્વને પામવું સરળ નથી. એનો સાક્ષાત્કાર કઠિન છે. એને સમજવા માટે, એના સાચા અર્થને પામવા માટે ઊંડા પાણીમાં ઉતરવું પડે. કોઇ પણ ખૂણેથી જુઓ, એનું નિત નવું રૂપ દેખાય છે. પળે-પળે, યુગે-યુગે એની વ્યાખ્યા બદલાય છ. મનુષ્યના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ એ પણ શિક્ષણ છે. સૃષ્ટિની રચના અને એનાં રહસ્યોને સ્પર્શવાની પ્રક્રિયા એ પણ શિક્ષણ છે. એની સંકલ્પના એટલી વિશાળ છે કે સમગ્ર જીવન શિક્ષણની મોટી પાઠશાળા છે. એટલે એમ કહીએ તો ચાલે કે, 'શિક્ષણની સમગ્રતા અને સમગ્રતાનું શિક્ષણ' એ કથનનો મર્મ જો સમજાય તો શિક્ષણદર્શનનો સાક્ષાત્કાર થાય. માટે શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત દરેકે એનો અર્થ બરાબર સમજી લેવો જોઇએ.

સમગ્રતા એટલે મનુષ્યના શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્માનો સમ્યક્ અને સંતુલિત વિકાસ. આ પાંચમાંનું એક અંગ પણ અવિકસિત રહે તો એમાં સમગ્રતા નથી. પંચપ્રાણ અને પંચમહાભૂતથી વિભૂષિત આ માનવદેહનાં પાંચેય અંગોને સંસ્કારિત કરવાની શ્રેષ્ઠ માનવની ઉપલબ્ધિ થાય છે. આ વાત નીચેના કોઠા પરથી સમજાશે.

પરિણામ

૧.	શરીર	શારીરિક વિકાસ	સ્વસ્થ, પુષ્ટ શરીર
૨.	પ્રાણ	પ્રાણિક વિકાસ	આવેગ/સંવેગ રહિત સંતુલિ વ્યક્તિત્વ
૩.	મન	માનસિક વિકાસ	સદ્‌વિચારી-સદાચારી જીવન
૪.	બુદ્ધિ	બૌદ્ધિક વિકાસ	સત્યાન્વેષી અને સત્યાનુસારી બુદ્ધિથી શોભિત માનવ
૫.	આત્મા	આત્મિક વિકાસ	સેવાભાવી વ્યક્તિત્વ

પાંચેય પરિણામો સરવાળો કેવો ચમત્કાર સર્જી શકે?

અહીં આપણે તન અને મનમાં સ્વાસ્થ્ય વિશે વિચારીએ. આજથી ૧૫૦ વર્ષ પહેલાં અવતરેલાં યુગપુરૂષ સ્વામી વિવેકાનંદે કહ્યું છે, "સ્વસ્થ શરીરમાં સ્વસ્થ આત્મા વસે છે." આપણાં શાસ્ત્રોએ પણ કહ્યું છે - શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનમ્ । ધર્મના પરિપાલન માટે શરીર શ્રેષ્ઠ સાધન છે. ધર્મના અનેક પ્રકાર છે - મિત્ર ધર્મ, પડોશીધર્મ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ વગેરે... શરીર સ્વસ્થ અને તંદુરસ્ત હશે તો બધા પ્રકારના ધર્મો નિભાવી શકાશે. અન્યાય સામે મસ્તક ઊંચું કરી શકાશે.

સ્વામી વિવેકાનંદ એક વાર ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. એ જ બર્થમાં એમની સામેની સીટ પર બે અંગ્રેજ બેઠા હતા. સ્વામીજીના ભગવા વેશ-પરિધાનને જોઇ એમને ટીખળ શરૂ કર્યું. ભારતીય સંસ્કૃતિ માટે અત્યંત ખરાબ ગાળો બોલવાં માંડ્યા. થોડીવાર તો સ્વામીજી સમસમીને સાંભળતા રહ્યા. પણ પછી અભદ્રતાની સીમા ઓળંગતા અંગ્રેજોએ, સ્વામીજીએ એક સાથે બંનેને બોચીમાંથી પકડી ઊંચા કર્યા અને કરડાકી ભર્યા અવાજે કહ્યું, "હવે જો એક શબ્દ પણ બોલ્યા છો તો દરવાજાની બહાર ફેંકી દઇશ, સ્વામીજીનું રૌદ્ર રૂપ જોઇ બંને થરથરી ઊઠ્યા અને કાંપવા લાગ્યા. એમની માફી માગી અને ચૂપ થઇ ગયા."

ક્યાંક ચમત્કાર વિના નમસ્કાર નથી હોતા. સ્વામીજી કહેતા - ભગવાનનાં દર્શન કરવા હોય તો મેદાનમાં જઇને ફૂટબોલ રમો. તન દુરસ્ત હોય પણ મન સ્વસ્થ ન હોય તો પણ ન ચાલે. તન અને મનનું પારસ્પરિક સંકલન હોય છે. મન અપાર શક્તિશાળી હોય છે. સંકલ્પ એ એકાગ્રતાની સાધનાથી મનની શક્તિ વધારી શકાય. નાનપણમાં નબળો અને માયકાંગલો રામમૂર્તિ કેવળ મનની શક્તિથી જ પહેલવાન રામમૂર્તિ બની શક્યો. મન જો સંકલ્પ કરે તો પ્રશ્નો પગથિયાં બની જાય અને મુશ્કેલીઓ માર્ગ બની જાય!

આજકાલ શાળાઓમાં 'શારીરિક કેળવણી' નામનો એક વિષય હોય છે. પણ એમાં સામાન્ય રમતો સિવાય કંઇ થતું નથી. શરીરનું કેળવવું એટલે શરીરના અંદરના અવયવો જેવા કે - હૃદય, ફેફ્સાં, જઠર, આંતરડા વગેરે - એ બધા અવયવોની ક્ષમતા અને ક્રિયાશીલતા વધારવી. એ કેવળ રમતો રમવાથી નહીં થાય, એ માટે તો પ્રાણાયામ અને યોગાસનો જેવું યૌગિક શિક્ષણ આપવું જોઇએ. એની સાથે ધ્યાન પણ જોઇ શકાય. વિદ્યાર્થીએ વધુમાં વધુ આવશ્યકતા 'એકાગ્રતા'ની હોય છે. ધ્યાનથી એકાગ્રતા વધારી શકાય. ઘણી શાળાઓમાં કરાટે શિખવાડાય છે. એ પણ આ બધી પ્રક્રિયામાં ઉપયોગી અને પૂરક હોઇ શકે, પણ યોગશિક્ષણનો તો કોઇ વિકલ્પ નથી. શાળાઓમાં એ વિષયને અગ્રસ્થાન આપવું જોઇએ.

આપણી વર્તમાન શિક્ષણ પદ્ધતિ એટલી બધી વ્યસ્ત (ખરેખર તો અસ્ત-વ્યસ્ત) અને ભારરૂપ બની ગઇ છે કે વિદ્યાર્થીની - મૌલિક અને આંતરિક શક્તિઓનો વિકાસ જ થતો નથી. શાળાના તાસ (જેમાં વિદ્યાર્થીઓ ગ્રાસ અનુભવે છે!) પછી ટ્યૂશન અને પછી હોમવર્ક! ક્યાંક રમવાનું, દોડવાનું, વ્યાયામ, સંગીત કે પ્રકૃતિદર્શનને ભાગ્યે જ માણવાનો અવકાશ મળે છે. પરિણામે વિદ્યાર્થીને પોતાની રૂચિ કે શોખને પોષવાની કોઇ તક મળતી નથી અને શિક્ષણ પ્રત્યે અરૂચિ અને અભાવ જન્મે છે. એવું શિક્ષણ આપણને શું પરિણામ આપશે?

અત્યારે તો અત્યંત આધુનિક સગવડો સાથેની વાતાનુકૂલિત Five Star સ્કૂલનો જન્મ થયો છે, જ્યાં ભણતાં ભણતાં અમીર પરિવારોનો વિદ્યાર્થી એટલાતો નાજુક થઇ જાય છે જેની કોઇ સીમા નથી. થોડું ચાલે કે દોડે ત્યાં થાકી જાય. પીવા માટે પણ મિનરલ વોટર જ જોઇએ. સાદું પાણી પીએ તો ઇન્ફેક્શન થઇ જાય. સંસ્કૃતમાં જેને 'તિતિક્ષા' (સહનશક્તિ) કહે છે. એ ગુણને વિકસવાની કોઇ આ વાતાવરમાં હોતી નથી.

મનુષ્યમાં જીવનના સંઘર્ષોનો સામનો કરવાની તાકાત બક્ષવી હોય તો વિદ્યાર્થી અવસ્થાથી જ એનામાં કેટલાક ગુણો વિકસે એવી સભાનતા શિક્ષકોએ અને પરિવારજનોને દાખવવી જોઇએ. આ ગુણો છે - સહનશીલતા, સાદગી, પરીશ્રમ, સમયપાલનનો આગ્રહ, વિનયપૂર્વક વ્યવહાર, સૌજન્ય, નિર્ણયક્ષમતા, અન્યાય સામે લડવાની ક્ષમતા, હિંમત, સાહસ અને એકાગ્રતા.

શિક્ષકનું કામ માત્ર પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ પુરો કરી દેવો એટલું જ નથી. ઉપરોક્ત ગુણોનો વિકાસ કરી વિદ્યાર્થીને એક શ્રેષ્ઠ અને સમાજોપયોગી મનુષ્ય બનાવવો એ પણ શિક્ષણના અભ્યાસક્રમનો અનિવાર્ય હિસ્સો છે. વિદ્યાર્થી એ શિક્ષકનો (ગુરૂનો) માનસપુત્ર છે. વિદ્યાર્થીના સર્વ ગુણ-દોષ માટે શિક્ષક જવાબદાર છે. ગુરૂ અને શિષ્ય વચ્ચે આત્મિક સંબંધ હોવો ઘટે એ સિદ્ધાંતને ગુરૂએ સિદ્ધ કરી બતાવવો જોઇએ.

આજકાલ જોવા એવું મળે છે કે વિદ્યાર્થીમાં નિર્ભયતાના ગુણનો તો વિકાસ જ થતો નથી. સ્વચ્છંદતા એ નિર્ભયતા નથી. અપેક્ષિત પરિણામ જ આવે તો સમાજ અને પરિવારજનો શું કહેશે એવી બીકથી આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓ ઓછા નથી. આ આપણા લલાટે ચોંટેલું મોટું કલંક છે. દરેક વિદ્યાર્થીમાં ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિઓ રહેલી હોય છે. એ શક્તિઓને જગાડી સમાજ પ્રત્યે વિદ્યાર્થીને અભિમુખ કરવો જોઇએ અને એની શક્તિનો વિનિયોગ કરી છેવટે સમાજની શક્તિ વધારવી જોઇએ. દરેક એ સમજવાની અને સમજાવવાની જરૂર છે કે, "આત્મવિશ્વાસ એ વીરત્વનો સાર છે."

લેખની સમાપન વેળાએ શિક્ષણક્ષેત્રના કર્મીઓને એટલું જ કહેવાનું મન થાય છે કે એમના પરિશ્રમની ફળશ્રુતિ સ્વરૂપે વિદ્યાર્થીઓના શરીરમાં શક્તિ હૃદયમાં ભક્તિ, મનમાં કરૂણા, વૃત્તિમાં વિજય અને સ્વભાવમાં અનુશાસન જન્મે તો બેડો પાર થઇ જાય!

તૂટ્યાં નહીં ઝૂઝ્યાં અને બન્યાં લેખિકા, સેવિકા ડો. ચંદ્રા શ્રીમાળી

ડેનીયલ મેકવાન સુશ્રી ચંદ્રાબહેનને આશ્વાસન આપતાં લખ્યું છે 'આપના પતિ સુરેશભાઇ શું કે હું તમે અને આ દુનિયાની સમસ્ત માનવજાત શું, દરેકને એ રસ્તે જવાનું છે.' બસ પછી તો આ કવયિત્રીએ મોતને વ્હાલું કરી સર્જન આરંભ્યું. આવો ચંદ્રાબહેનને નજીકથી મળીએ, ઓળખીએ..

નામ : ડો. ચંદ્રાબેન એસ. શ્રીમાળી (માજી ધારાસભ્ય)
તંત્રી અને પ્રકાશક : 'ચાહના' સાપ્તાહિક,
'વલોણું' કાવ્યસંગ્રહમાં ચંદ્રાબહેન એમ નોંધે....
'મારો પ્રેમ મારો ભાવ, મારું કાર્ય ને મારા નિષ્ઠા
શું તું ઓછાં કરી શકીશ? !!! ના... ના... ના... ના..
અને આજ તો જીવન છે. એજ મારો ધર્મ છે.
એમની પ્રવૃત્તિનો ગ્રાફ લંબાતો ગયો બસ લંબાતો જ ગયો!'

સાહિત્યિક પ્રવૃત્તિઓ : મુંબઇ દૈનિક 'સમકાલીન'ની વાર્તા ૧૯૯૫ નું રૂા. ૭૦૦૧નું પ્રથમ ઇનામ પ્રથમવાર લખાયેલી 'ચણીબોર' વાર્તાને પ્રાપ્ત. 'ગૌરંભો' (ગઝલ સંગ્રહ: સંપાદન પુસ્તકને મુંબઇની કલાગુર્જરી સંસ્થાનું રૂા. ૩૦૦૧નું બીજું ઇનામ 'ગીરા ગુર્જરી' પ્રાપ્ત. ચાહના સામયિક તરફથી છેલ્લા ચાર વર્ષથી ખાસ વાર્તા વિશેષાંક દર વર્ષે પ્રગટ. 'ચણીબોર અને બીજી વાર્તાઓ' વાર્તાસંગ્રહ ૧૯૯૮માં પ્રગટ. ભારતીય દલિત સાહિત્ય અકાદમી(દિલ્હી) તરફથી ડો. બાબાસાહેબ આંબેડકર ફેલોશીપ. ગુજરાત સાહિત્ય સંગમ, રાજસ્થાન સાહિત્ય અકાદમીનાં 'આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ મંચ' તરફથી સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ ૧૯૯૯નો 'નરસિંહ મહેતા' એવોર્ડ તથા ગુજરાત સાહિત્ય સંગમ તરફથી અર્ધશતાબ્દિ મિલિનિયમ વર્ષ નિમિત્તે સાહિત્ય પત્રકારત્વ ક્ષેત્રે 'અશોક હર્ષ ચાંદની' એવોર્ડ. ગાંધીનગર દલિત સાહિત્ય સભા, ગાંધીનગર સાહિત્ય સભા, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, કાવ્ય ગોષ્ઠી, ગુજરાતી લેખિકા મંડળ તથા કલમ લેખિકા મંચના સક્રિય સભ્ય.

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

સામાજિક પ્રવૃત્તિઓ : ૧૯૮૫થી ૧૯૯૦ દરમ્યાન ગુજરાત વિધાનસભામાં દસાડા મતવિસ્તાર (જિલ્લો સુરેન્દ્રનગર)ના ધારાસભ્ય તરીકે સેવા આપેલ છે. છેલ્લા ૨૦ વર્ષથી પ્રિયદર્શિની એજ્યુકેશન ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા મહિલા વિકાસ, બાળ કલ્યાણ, વૃદ્ધાશ્રમ તથા વિકલાંગ માટેની રચનાત્મક પ્રવૃત્તિઓ. વિકલાંગ સર્વાંગી વિકાસ ટ્રસ્ટ દ્વારા બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓના વિકલાંગો માટે રચનાત્મક પ્રવૃત્તિઓ અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત.

ખાસ અભિરૂચી : ચિત્ર, સંગીત, સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, રાયફલ શુટિંગ, પ્રવાસ, વાંચન અને લેખન.

ચંદ્રાબહેનનો એક નિજી મિજાજ છે. એમની કાવ્ય રચનાઓમાં માત્ર નારી જીવનની વેદના જ નથી, ચેતના પણ છે. સાહિત્યનિધિ શ્રી નરેન્દ્ર દવેએ પ્રસ્તાવનામાં નોંધ્યું છે :

'ચંદ્રાબેનની રચનાઓ મને સંતૃપ્તીકરણ લાગી છે. મેં પોતે પ્રણયરંગી અનેક રચનાઓ (પ્રેમમાં પડ્યા વગર ઘણીવાર) રચી છે. અમારા જમાનામાં આવી પ્રવાહી કાવ્યતત્વસભર અછાંદસ કે ગીત રચનાઓ જે રચે તે 'સાહિત્ય અછૂત' ઘણાતા. ઉન્નભુ ચોખલિયાઓ કોરસમાં કર્કશ સ્વરે ગાતા કે, 'બેડ !બેડ ! વેરી બેડ.'

આધુનિક સુગમ પ્રણય ગીત રચનારા અમારા જેવા આદ્ય ગીતકારો કે જેને આ નૂતન પરિપાટીનો સર્વપ્રથમ આવિષ્કાર કર્યો તે- નરેન્દ્ર દવે હોય કે જગદીપ વીરાણી હોય કે કિસ્મત કુરૈશી હોય નિંદાયા હતા.. આજે તો... સર્વત્ર ઉષ્માવંત રીતે ચંદ્રબેન શ્રીમાળી જેવા અનેક આ પ્રકારને તાજગીપૂર્ણ રીતે અજમાવનારા સત્કારાય છે ત્યારે મારી જેવા ખુશ થાય છે.

ચંદ્રાબેન શ્રીમાળી એક ઉત્તમ નવલિકાકાર અને કવયત્રિ તરીકે આગે વધી રહ્યા છે. 'ગુજરાત સાહિત્ય સંગમ'નો ૧૯૯૯નો 'નરસિંહ મહેતા એવોર્ડ' અને સાહિત્યિક પત્રકારત્વનો વાર્તાસામાહિક 'ચાહના'માટેનો, ગુજરાતી સાહિત્યની ત્રણ ત્રણ પેઢીઓ ઘડનારા 'સાહિત્યબ્રહ્મા' અશોક હર્ષનો 'ચાંદની' એવોર્ડ ચંદ્રાબહેનને એમને એમ આંખો મીચીને ફ્ગેટનો 'પદ્મરાવવા'માં નથી આવ્યો. આ બંને એવોર્ડ્સના હકદાર છે. આ બંને એવોર્ડ્સ ગુજરાત સાહિત્ય સંગમના મિલેનિયમ અર્ધશતાબ્દી મહામહોત્સવના ગાવા ઐતિહાસિક પ્રસંગે એનાયત થાય છે. અને સ્વયં સાહિત્યબ્રહ્મ અશોક હર્ષની ઉપસ્થિતિમાં, 'નિશ્રામાં' એનાયત થાય છે એ સ્વયં પોતે જ એક મહત્વને 'સાહિત્ય ઘટના' છે.

ચંદ્રાબેન શ્રીમાળીની પ્રગટ કૃતિ

(૧) ગોરંભો (મનીષ પરમારની ગઝલોનું સંપાદન- ૧૯૯૩)
(૨) ચણીબોર અને બીજી વાર્તાઓ (વાર્તાસંગ્રહ- ૧૯૯૮)
(૩) ઓવારણાં (કાવ્યસંગ્રહ- ૨૦૦૦)
(૪) માનો પ્રતાપ (ભક્તિ રચના સંગ્રહનું સંપાદન કુ. વીણાબેન શ્રીમાળી સાથે -૨૦૦૦)
(૫) મિજાજ (કાવ્યસંગ્રહ- ૨૦૦૧)
(૬) ચકુનોવર (વાર્તા સંગ્રહ- ૨૦૦૩)
(૭) વલોણું (કાવ્ય સંગ્રહ- ૨૦૦૭)
અપ્રગટ કૃતિ
(૧) ચૂડલા કરમ (વાર્તાસંગ્રહ)
(૨) પત્રમ પુષ્પમ (પત્ર સંગ્રહ)
(૩) ચૈતર, વૈશાખ ને જેઠ (લઘુનવલ) પ્રગટ ૨૦૦૯ ગાંધીનગર સમાચારમાં ધારાવાહિક સ્વરૂપે
(૪) મારી કથા, નારી વ્યથા(સ્વાનુભવગાથા- આત્મકથાનક)
(૫) મારી આંખે અમરનાથ (પ્રવાસયાત્રા)
(૬) બહારો ફૂલ બરસાવો (વાર્તાસંગ્રહ)
(૭) એમ તે ભૂલાય! (રેખા ચિત્ર)
(૮) The Small Barries and Other Stories

અપ્રગટકૃતિઓ પણ વેળાસર પ્રગટ થાય તેવી આપણી શુભેચ્છા હોય જને.

ડો. સોમાભાઇ પટેલે પણ ડો. ચંદ્રાબેન શ્રીમાળી વિશે પ્રતિભાવો જણાવ્યા હતા.

ભરપુર સંબોધનોવાળા અનેક પ્રોત્સાહક પત્રો તેમણે ચંદ્રાબહેન પર લઘી તેમની આંતરશક્તિઓને વિકસાવી છે. ચંદ્રાબહેનની વિચારસમૃદ્ધિ, ભાવસમૃદ્ધિ અને સંસ્કારસંપત્તિનો ઉત્કર્ષ જોઇએ. ગુરૂ હોવા છતાં તેમનાં પ્રત્યે શિષ્યાભાગ પણ દર્શાવ્યો છે અને તારી ઉજ્જતિ ચાહુ છું. એવી અભિલાષા પ્રગટ કરી છે. કોઇના પ્રોત્સાહક શબ્દો કેવું કામ કરે છે તેનું દૃષ્ટાંત હિંમતસિંહ વાઘેલા છે.

જગત પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ હકારાત્મક, માનવીય અને સૌજન્યપૂર્ણ છે, આપ ભલા તો જગ ભલાની રીતે તેઓ પ્રસન્નતાપૂર્ણ જીવન જીવી રહ્યાં છે

શ્રીમતી ચંદ્રબહેનનું વ્યક્તિત્વ એટલું ચાહના તેમના સામાયિકનું નામ પણ ચાહના અને તેમના ઘરનું નામ પણ ચાહના. આમ ચાહના એજ ચંદ્રાબેનની સાચી ઓળખ છે. સુપ્રસિદ્ધ સાહિત્યકાર રાદોશ્યામ શર્માએ સાક્ષરનો સાક્ષાત્કાર પુસ્તકમાં પ્રગટ કરેલી ચંદ્રાબેનની મુલાકાત વાંચવા જેવી છે. તેમાંથી ચંદ્રાબેનના વ્યક્તિત્વની તમામ નાની મોટી વિગતો જાણવા મળે છે.

ચંદ્રાબહેન જાતિવિહીન સમાજ રચના ઇચ્છે છે. અન્યાય અને શોષણ સામે સાહિત્યના માધ્યમ દ્વારા નવી ક્રાંતિ જગાવવાની નેમ રાખે છે. જગત પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ હકારાત્મક, માનવીય અને સૌજન્યપૂર્ણ છે. આપ ભલા તો જગ ભલાની રીતે તેઓ પ્રસન્નતાપૂર્ણ જીવન જીવી રહ્યાં છે. 'વલોણું'નાં પ્રાગટ્યને હાર્દિક શુભેચ્છા પાઠવું છું. ચંદ્રાબહેન હજારો બહેનોના આદર્શ બન્યા છે. અને બનતા રહેશે તેવી શુભકામના પાઠવીએ.

આમ આદમી ક્યારેય ખાસ આદમી બની શકે?

આમ આદમીની જેમ મને કોઇની સામે કોઇ ફરિયાદ નથી. ક્યારેક તકલીફ પડે તો મોઢામાંથી આહ નીકળી જાય છે, પણ એ જ આહને આહા..હા..હા..કરીને લંબાવી લઉં છું અને પછી હસી પડું છું

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

હું એક આમ આદમી છું. આમ એટલે સાવ આમ, જરા પણ ખાસ નહીં. આમ એટલે રોબર્ટ વાડરા કહે છે એવો મેંગો મેન નહીં, પણ સાવ સામાન્ય માણસ. સામાન્ય સંજોગોમાં તો મારો ક્યારેય કોઇ મારો ભાવેય નથી પૂછતું, પણ આ તો દિલ્હીમાં અરવિંદ કેજરીવાલે મારા નામ પરથી પાડેલા રાજકીય પક્ષે ૨૮ બેઠકો પર વિજય મેળવ્યો એટલે લોકો આમ આદમી પાર્ટીની વાહ વાહ કરવા લાગ્યા છે અને એટલે હું પણ મનમાં થોડો હરખાઇ રહ્યો છું.

મારો જન્મ એક આમ આદમીના આમ પરિવારમાં થયો અને ઉછેર પણ આમ બાળક તરીકે જ થયો. ભણી ગણીને નોકરીએ લાગ્યો, લગ્ન કર્યા, બચ્ચાં પેદા કર્યા અને બચ્ચાંને ઉછેર્યા, બધુ આમ આદમીની જેમ. મને કોઇની સામે કોઇ ફરિયાદ નથી. ક્યારેક તકલીફ પડે તો મોઢામાંથી આહ નીકળી જાય છે, પણ એ જ આહને આહા..હા..હા..કરીને લંબાવી લઉં છું અને પછી હસી પડું છું. હું દઢપણે માનું છું કે મારા દુઃખ મારા પોતાના છે. એ સામે ફરિયાદ કરવાનો મને કોઇ હક નથી અને એ દૂર કરવા માટે કોઇએ તકલીફ ઠાવવાની જરૂર નથી.

હું કોલેજમાં ભણતો હતો ત્યારે મારા અનેક મિત્રો હતા અને એમાં કેટલાક ખાસ પરિવારના ખાસ પુત્રો પણ હતા. એ સમયે અમે સૌ સરખા હોય એવું લાગતું. મારા શ્રીમંત મિત્રો મારી સાથે ફિલ્મો જોવા આવતા, અમે સાથે હોટલમાં જતા અને વિવિધ વિષયો પર ચર્ચા કરતા. એ સમય હું મારી આમઓળખને સાવ ભૂલી ગયો હતો. અમે આમમિત્રો આપસમાં ચર્ચા કરતા કે માણસ ધારે તો ગમે એ પ્રાપ્ત કરી શકે છે, સફળતા મેળવી શકે છે.મારો એક આમ મિત્ર તો કહેતો કે નથિંગ ઇઝ ઇમ્પોસિબલ. મારા એ મિત્રનો કહેવાનો મતલબ એ હતો કે એક આમ આદમી ધારે તો ખાસ આદમી બની શકે છે. મને એ વાત બહુ ગમી હતી અને એ વાતે હું ઓલમોસ્ટ કધવીન્સ પણ થઇ ગયો હતો.

મને યાદ છે એ દિવસો. આમઆદમીમાંથી ખાસ આદમી બનવા માટે મેં કેવા કેવા પ્રયાસો કર્યા હતા. ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ બનવાનું સપનું તો ખેર, તરત જ તૂટી ગયું હતું, મોટા બિઝનેસમેન બનવાના પ્રયાસ પણ થોડા જ સમયમાં પડતા મૂકવા પડ્યા, કારણ કે બિઝનેસમેન બનવા માટે જે બેકગ્રાઉન્ડ જોઇએ એવું બેકગ્રાઉન્ડ મારી પાસે નહોતું. મારું તો આમઆદમીનું બેકગ્રાઉન્ડ હતું. આવા બેકગ્રાઉન્ડના આધારે તો મારી કરીઅરની પસંદગી પણ મર્યાદીત હતી. ડૉક્ટર કે વકીલ બનવાના મેં ફક્ત નિબંધો જ સ્કૂલમાં લખ્યા છે.

ધીમે ધીમે હું વાસ્તવિક ધરતી પર આવી ગયો અને એક પુખ્ત આમ આદમી બની ગયો. એક આમ આદમીની હેસિયત, એના સુખ, દુઃખ, ખાસિયતો, આકાંક્ષા, આકોશ, આનંદ વગેરે બધી જ વાત પૂરી રીતે પરિચિત થઇ ગયો. દેશ અને દુનિયામાં મારા જેવા અનેક આમ આદમી છે. હકીકતમાં દરેક સ્થળે આમ આદમીની સંખ્યા લગભગ પંચાણું ટકા જેટલી છે. બાકીના પાંચ ટકા ખાસ આદમીઓ હોય છે અને એમની સાથે અમારે કશી લેવા દેવા નથી હોતી. મોટો ભાગે અમે આવા ખાસ આદમીઓથી પ્રભાવિત રહેતા હોઇએ છીએ, એમને આદર આપતા હોઇએ છીએ, પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે એમની સેવા કરતા રહીએ છીએ અને એમની ખાસ ઓળખ જળવાઇ રહે એ માટે પ્રયાસો કરતા રહીએ છીએ. અમે ખરેખર એવું માનીએ છીએ કે આ ખાસ આદમીઓને કારણે જ અમે જીવિત છીએ અને એમના કારણે જ અમારા પરિવારનું ગુજરાન ચાલે છે. અમે ક્યારેક નાની ફરિયાદો કરીએ છીએ, પણ ખાસ આદમી ખોંખારો ખાય કે તરત અમે ચૂપ થઇ જઇએ છીએ. અમે બહુ જ સામાન્ય માણસો છીએ. જ્યાં પણ લાઇન દેખાય ત્યાં ભા રહી જવાની અમને આદત પડી ગઇ છે. એ લાઇન શેની છે એની જાણકારી અમે પછીથી મેળવીએ છીએ. વાસ્તવિક સફળતામાં અમને રસ જ નથી. અમને ફક્ત સપનાં જોવાનું ગમે છે. સપનું સાકાર થતું લાગે ત્યારે ડર લાગે છે.

તાતા, બિરલા, અંબાણી, કરણ જોહર કે એવા અનેક ખાસ આદમીઓની અમને ક્યારેય ઇર્ષ્યા નથી થઇ. અમે હંમેશાં એમના પ્રત્યે